ગાંધીનગર સમાચાર



સે-૨૪માં વરસાદથી પડેલા વૃક્ષને કારણે પાણીની પાઈપલાઈનમાં ભંગાણ

# જિલ્લાકક્ષાની એર રાયફલ શુટિંગ સ્પર્ધા યોજાઈ

## મમતા સ્પોર્ટસના કેતન પટેલ અને વિપુલ ચૌહાણ વચ્ચે બે વાર ટાઈ પડી બીજા ટાઈબ્રેકરમાં કેતન પટેલ ૧ પોઈન્ટથી પ્રથમ સ્થાને વિજેતા બન્યા

ગાંધીનગર, તા.૯

ગાંધીનગરના સે. ૧૨માં વિવેકાનંદ સ્કૂલ ખાતે છેલ્લા બે દિવસથી જિલ્લાકક્ષાની એર રાયફલ શૂટિંગ સ્પર્ધા ચાલી રહી છે. આ સ્પર્ધામાં આજે ઓપન કેટેગરીના પુરુષ વિભાગમાં ભારે રોમાંચક ડબલ-ટાઈ મુકાબલો થવા પામ્યો હતો.

છેલ્લા બે દિવસથી ચાલી રહેલ ગાંધીનગર રાયફલ એસોસિએશન દ્વારા આયોજિત ડિસ્ટ્રીક્ટ એર રાયફલ શૂટિંગ સ્પર્ધામાં આશરે ૩૦૦થી વધુ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. સ્પર્ધાના અંતિમ ચરણમાં પુરુષ વિભાગની ઓપન કેટેગરીના મુકાબલામાં ગોલ્ડમેડલ માટે બે સ્પર્ધકો વચ્ચે સરખા પોઈન્ટ થતા ટાઈ પડી હતી. બંને સ્પર્ધકો મમતા સ્પોર્ટસ કેન્દ્રના હતા. જેમાં કેતન પટેલ અને વિપુલ ચૌહાણ બંને વચ્ચે ટાઈબ્રેકર રમાડવાનો નિર્ણય લેવાયો હતો. પ્રથમ ટાઈ બ્રેકરમાં બંને



ખેલાડીઓએ બુલ-ટુ-બુલ ફાયર કરતા ફરી એકવાર ટાઈ પડી હતી. છેવટે બીજા ટાઈબ્રેકરમાં ૧ પોઈન્ટથી કેતન પટેલે ગોલ્ડ મેડલ જીત્યો હતો, જ્યારે પોતાની પ્રથમ સ્પર્ધા રમી રહેલા વિપુલ ચૌહાણ દ્વિતિય સ્થાને સિલ્વર મેડલના વિજેતા બન્યાં હતાં. તૃતીય સ્થાને પણ મમતા સ્પોર્ટસના અનિકેતે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. આ સ્પર્ધામાં હજુ બે કેટેગરીમાં ટાઈ પડેલ છે જેમાં સ્પર્ધકો વચ્ચે ટાઈબ્રેકર રમાડવામાં આવશે તેવું એસોસિએશન દ્વારા જણાવવામાં આવ્યું છે. આ ઉપરાંત નગરમાં જિલ્લાકક્ષાની પીપઆઉટ રાયફલ શુટિંગ સ્પર્ધા પણ યોજાઈ હતી. તમામ સ્પર્ધાના પરિણામો આવ્યા બાદ ઈનામ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે તેવું રાયફલ એસોસિએશનના હોદ્દેદારો નટુભાઈ લાડાણી તથા ગજેન્દ્રસિંહ બારડે જણાવ્યું હતું.

(તસવીર : સમીર રામી)

## @ગાંધીનગર

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સેકટર-૨૧ ખાતે ફુલના હિંડોળા યોજાશે.

● મહિલા સશકિતકરણ પખવાડિયા અંતર્ગત મહિલા બાળપોષણ જાગૃત દિવસનો કાર્યક્રમ સવારે ૧૧.૦૦ કલાકે સ્ટાફ ટ્રેનિંગ કોલેજમાં યોજાશે.

## ગુપ્તા સ્પોર્ટસ ઈન્ડસ્ટ્રીઝ ધ્વજવંદન કાર્યક્રમની ઉજવણી કરશે

ગાંધીનગર, તા.૯

શહેરના સેકટર-૧૪ સ્થિત ગુપ્તા સ્પોર્ટસ ઈન્ડસ્ટ્રીઝ ખાતે ૧૫મી ઓગષ્ટ સ્વાતંત્ર્ય દિવસે સવારે ૯-૦૦ કલાકે વિવિધ કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમ દરમિયાન શૌર્ય ગીતો, ધ્વજવંદન, સાંસ્કૃતિક કાર્યક્રમ, રમત ગમત સ્પર્ધા, ધો-૧ થી ધો-૧૨ના મેરીટ પ્રમાણે ત્રણ વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ અને સીનીયર સીટીઝનોનું સન્માન કરવામાં આવશે.

સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા સીનીયર સીટીઝનોની વિગત અને ધો-૧ થી ૧૨ના વિદ્યાર્થીઓની માર્કશીટ તેમજ રમતગમત સ્પર્ધામાં ભાગ લેનારે પોતાના નામ અને જરુરી વિગતો તા. ૧૨મી ઓગષ્ટ સુધીમાં જમા કરાવવાની રહેશે. વધુ માહિતી માટે રાજીવભાઈ ગુપ્તા અને મહેન્દ્રભાઈ કે. ચૌહાણનો સંપર્ક સાધવો.

# ગાંધીનગરમાં ૮મી એક્સ એમ.એલ.એ. કાઉન્સિલની રાષ્ટ્રીય પરિષદ

## વિધાનસભામાં શ્રેષ્ઠ પર્ફોમન્સ બદલ ગુજરાતના ૯ સહિત કુલ-૧૭ એક્સ એમ.એલ.એ.ને એવોર્ડ અર્પણ કરાયા

ગાંધીનગર, તા.૯

ગુજરાત એકસ એમ.એલ.એ કાઉન્સિલ અને દેશના અન્ય રાજયોમાં કાર્યરત એક્સ એમ.એલ.એ કાઉન્સિલની ગાંધીનગર ખાતે યોજાયેલ ૮મી રાષ્ટ્રીય પરિષદનું દીપ પ્રગટાવી ઉદ્‌ઘાટન કર્યાબાદ રાજયપાલ શ્રી ઓ.પી.કોહલીએ જણાવ્યું હતું કે, લોકશાહી મજબૂત બનાવવા સારા પ્રશિક્ષિત સમાજની આવશ્યકતા અગત્યતા છે. દેશના રાજયોમાં કાર્યરત એકસ એમ.એલ.એ કાઉન્સિલના વિવિધ પક્ષોના સભ્યો એકત્રિત થઈને જન સેવાના કાર્યો કરે છે, તે અભિનંદનને પાત્ર છે. સાચા સમાજ સેવકો માટે પદ કે હોદ્દો અગત્યનો નથી. પ્રજાકીય સેવા કાર્યો કરવાથી વ્યક્તિનું ગૌરવ પોતાના વ્યક્તિત્વથી જ થાય છે. ગાંધીજીએ હોદ્દાઓનો ત્યાગ કર્યો હતો, તે આનું સૌથી મોટું ઉદાહરણ છે. એકસ એમ.એલ.એ કાઉન્સિલના વયોવૃધ્ધ સભ્યો રાજકીય ક્ષેત્રનો વિશાળ અનુભવ ધરાવતા હોવાથી સમાજ જીવનના વિકાસ માટે માર્ગદર્શક સમાન છે. પ્રજાલક્ષી વિકાસ કાર્યો માટે સારી નીતી અને કાયદો બનાવવા અનુભવી વ્યકિતઓ પાસેના







(તસવીર : દિપક જાની)

જ્ઞાનના ભંડારનો ઉપયોગ કરવા રાજયપાલશ્રીએ જણાવ્યું હતું.

રાજયપાલશ્રીના હસ્તે વિધાનસભામાં શ્રેષ્ઠ પરફોમન્સ બદલ ગુજરાતના ૯ સહિત કુલ૧૭ એકસ એમ.એલ.એને એવોર્ડ અર્પણ કરાયા હતા.

ગુજરાત એકસ એમ.એલ.એ કાઉન્સિલના ચેરમેન શ્રી શંકરલાલ ગુરૂએ જણાવ્યું હતું કે, આ કાઉન્સિલ પ્રજા અને સરકાર વચ્ચે સેતુ રૂપ કામગીરી કરે છે. વિવિધ પક્ષોના ૪૩૦ પૂર્વ ધારાસભ્યોના સાથસહકારથી ચાલતી આ કાઉન્સિલે ગુજરાતમાં દુષ્કાળ, અતિવૃષ્ટિ, નર્મદા યોજના, કૃષિ બજાર વિતરણ વ્યવસ્થા, લોક શિક્ષણ જાગૃતિ જેવા સેવાકીય કાર્યો વર્ષ ૧૯૯૭થી કરે છે. આજની આ રાષ્ટ્રીય પરિષદમાં ઝારખંડ, કર્ણાટકા, આંધ્રપ્રદેશ, બિહાર, રાજસ્થાન, મિઝોરમ, ઓરિસ્સા, ગોવા સહિત ૧૬ રાજયોના ધારસભ્યો ઉપસ્થિત રહ્યા હતાં.

પૂર્વ રાષ્ટ્રપતિ સ્વ. એ.પી.જે. અબ્દુલકલામના અવસાન બદલ બે મિનિટનું મૌન પાડી શ્રધ્ધાજંલિ અર્પણ કરીને આ પરિષદનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

રાજયપાલશ્રીના હસ્તે લોકતંત્રના ધબકારા પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. રાજયપાલશ્રીના જન્મદિવસે યોજાયેલ આ પરિષદમાં ઉપસ્થિત મહાનુભાવોએ રાજયપાલશ્રીને શુભેચ્છાઓ પાઠવી હતી.

આરોગ્ય મંત્રી શ્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે, ૮૮ વર્ષના વયોવૃધ્ધ વડીલ શ્રી શંકરલાલ ગુરૂના ચેરમેન પદે કાર્યરત એક્સ એમ.એલ.એ કાઉન્સિલના કાર્યોને વંદનીય ગણાવી જણાવ્યું હતું કે, વયોવૃધ્ધ ધારાસભ્યો સમાજની સેવાની ખોજમાં રહીને રાષ્ટ્રીય વિકાસના રચનાત્મક કાર્યો સંગઠિત થઈને કરે છે, આવા સાચા રાજનીતીના સેવકો હોદ્દો કે પદ વગર સેવાક્ષેત્રે સક્રિય રીતે જોડાઈને કાર્યરત છે અને પ્રજાના પ્રૌ ને વાચા આપવાનું કામ કરે છે, તે પ્રસંશનીય છે.

આ પરિષદમાં પૂર્વ મંત્રી શ્રી દિલીપભાઈ સંઘાણી, પૂર્વ મંત્રી શ્રી જયનારાયણ વ્યાસ, શ્રી દિંગમ્બર કામત ગોવા, રામચંદ્ર રેડ્ડી કર્ણાટકા, શ્રી પ્રફુલા સામલ પૂર્વ મંત્રી ઓરિસ્સા, શ્રી હરિમોહન શર્મા પૂર્વ મંત્રી રાજસ્થાન, શ્રી કે.એલ.રોચમા ચેરમેન એક્સ એમ.એલ.એ. કાઉન્સિલ, મિઝોરમ દ્વારા પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા.

ગુજરાતના એવાર્ડ પ્રાપ્ત કરનાર એક્સ એમ.એલ.એ. સભ્યોમાં શ્રી ધીરૂભાઈ દૂધવાલા(સૌરાષ્ટ્ર), શ્રી દલસુખભાઈ પ્રજાપતિ (બરોડા), શ્રી અમૃતભાઈ કે. પટેલ (બનાસકાંઠા), શ્રીમતી ચંપાબેન રામસિંગભાઈ (ખેડા), શ્રી અંબાલાલ ઉપાધ્યાય (સાબરકાંઠા), શ્રી બાબુભાઈ મેધજીભાઈ શાહ(કચ્છ), શ્રી ખોડાભાઈ પટેલ ( મહેસાણા), પુષ્પદાન ગઢવી ( ભૂજ), શ્રી મહેશભાઈ મકવાણા ( સુરેન્દ્રનગર)નો સમાવેશ થાય છે.

ગરીબી રેખા નીચે જીવન ગુજરતા દાહોદના પૂર્વ ધારાસભ્ય શ્રીમતી હસુમતીબેન ગુડિયાને રૂપિયા ૧૨ હજારનો ચેક કાઉન્સિલ દ્વારા આપવામાં આવ્યો હતો. ગુજરાત એકસ એમ.એલ.એ.કાઉન્સિલ દ્વારા ગરીબી નીચે જીવન ગુજરતા પૂર્વ ધારાસભ્યોને આર્થિક મદદરૂપ થવાના હેતુથી દર માસે રૂપિયા ૫ હજારની આર્થિક મદદ કરે છે. આ પ્રસંગે વિશાળ સંખ્યામાં પૂર્વ ધારાસભ્યો ઉપસથિત રહ્યા હતાં.

## વાતવાતમાં

● ગાંધીનગરની વૉકર્સ કલબના ૧૬ સભ્યો આજે મુંબઈના સિધ્ધિ વિનાયક મંદિરે અને શીરડી સાંઈબાબા દર્શન કરવા જવા રવાના થયા.

● સે-૨૨માં પંચદેવ મંદિર પાસે મહાનગરપાલિકા દ્વારા મુકાયેલ ડસ્ટબીનનો રહીશો ઉપયોગ તો કરે છે પરંતુ સફાઈ તંત્ર દ્વારા તેને ખાલી કરવાની તસ્દી લેવાતી નથી.

● પંચદેવ મંદિરના પુજારી ભાનુભાઈના ઘર પાસેના ૨ વૃક્ષો ગમે ત્યારે પડી શકે તેવી જોખમી હાલતમાં નમી પડેલા છે.

● ગાંધીનગરના ૭ પીઆઈ પ્રમોશન મેળવી ડીવાયએસપી થતા તેમને ફળવાયેલ જગ્યાએ ફરજ સંભાળી લીધી છે. હજુ સુધી તેમના સ્થાને નવી નિમણુંક ના થવાથી હાલ તો તમામ ૭ જગ્યાઓ ખાલી છે.

- સમીર રામી
9924446645

## આજે રાજયમાં રમત ગમત ક્ષેત્રે વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત ખેલાડીઓને સન્માનવામાં આવશે

ગાંધીનગર, તા.૯

ગાંધીનગરના સેકટર-૧૭ સ્થિત ટાઉનહોલ ખાતે તા. ૧૦મી ઓગષ્ટ સોમવારે સવારે ૧૦.૦૦ કલાકે એવોર્ડ વિતરણ સમારંભ કાર્યક્રમ યોજાશે. રાજયના યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના ઉપક્રમે રમત ગમત ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરનાર ખેલાડીઓને એકલવ્ય એવોર્ડ સરદાર પટેલ એવોર્ડ તથા જયદિપસિંહજી એવોર્ડ આપી રમતવીરોનું સન્માન કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં અધ્યક્ષપદે રાજયના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તેમજ મુખ્ય મહેમાન પદે રાજયકક્ષાના શિક્ષણ મંત્રી નાનુભાઈ વાનાણી ઉપસ્થિત રહેશે.

## ઘર સામે સિમેન્ટ બ્લોક નાંખવા નગરજનો પાસેથી લેવાતો ૨૦ ટકા ચાર્જ અર્થવિહીન : જાગૃત નાગરિક પરિષદ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સેકટરોમાં મકાનોની આગળના ભાગમાં ૨૦ટકા પૈસા લઈ સિમેન્ટના બ્લોક નાંખી આપવામાં આવે છે. તે બાબત અર્થવિહીન હોવાનું ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ જણાવે છે.

જાગૃત નાગરિક પરિષદના જણાવ્યા અનુસાર મકાનોની આગળના ભાગની જગ્યા સરકારી હોવાથી ત્યાં કોઈ પણ સમયે ખોદકામ કરવામાં આવી શકે છે. અને આ જગ્યામાં પાણી લાઈન, ગટર લાઈન, ગેસ લાઈન, ટેલીફોન લાઈન વગેરે લાઈનો આવેલ છે. તેથી આ જગ્યાનું ખોદકામ અવારનવાર કરવામાં આવી શકે છે. આ અંગેની માહિતી હોવા છતાં વસાહતીઓ પોતાના આંગણામાં સિમેન્ટના બ્લોક નંખાવે છે અને કોર્પોરેટર્સ દ્વારા વોટ મેળવવા માટે આ કામ શરૂ પણ કરેલ છે. જે ખોટું છે. જેના કારણે કેટલી જગ્યાઓએ આવનાર દિવસોમાં સમસ્યાઓ ઉભી થઈ શકે છે. સિમેન્ટ બ્લોક નાખવાથી નગરજનોએ પોતાના મકાનોની આગળ જગ્યાઓ રોકી છે તેનાથી રસ્તાઓ પણ સાંકડા થઈ ગયા છે જેથી વાહન ચાલકોએ અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

# સે-૨૪માં વરસાદથી પડેલા વૃક્ષને કારણે પાણીની પાઈપલાઈનમાં ભંગાણ

## તોતીંગ વૃક્ષના થડને પણ હજુ સુધી હટાવાયું નથી : ભંગાણ થવાથી ખાબોચિયાં ભરાયાં

ગાંધીનગર, તા.૯

ગાંધીનગરમાં આવેલા ચક્રવાતી વરસાદમાં અનેક વૃક્ષો ધરાશાયી થયા હતાં જેનો હજુ પણ નિકાલ ના થવાથી નગરમાં અનેક જગ્યાએ નાની મોટી સમસ્યાઓ સર્જાવા પામી છે. સેકટર-૨૪ શ્રીનગર સોસાયટીમાં પણ એક તોતીંગ વૃક્ષ પડી ગયું હતું. જેના મૂળ પાસેથી પાણીની લાઈન પસાર થતી હતી તેને નુકશાન થયું છે જેના કારણે અહીં અઢળક પાણી વેડફાઈ રહ્યું છે તથા પાણીના ખાબોચિયાં ભરાઈ જવા પામ્યાં છે.

સે-૨૪ શ્રીનગર સોસાયટીમાં પ્રવેશવાના મુખ્ય રસ્તે જયાં ગુજરાત





હાઉસીંગ બોર્ડની ઓફિસ આવેલ છે તેની સામે આ તોતીંગ વૃક્ષ પડી જવા પામ્યું છે. આ વૃક્ષ એક મકાન પર પડયું હતું અને તંત્ર દ્વારા તેની ડાળીઓ વગેરે કાપવામાં આવી હતી પંરતુ હજુ પણ તેનું વિશાળ થડ જેમનું તેમ પડયું છે. આ વૃક્ષના મૂળ પાસેથી પાણીની પાઈપલાઈન પસાર થઈ રહી છે તેને નુકસાન પહોંચ્યું છે. પાણીની લાઈનમાંથી સતત પાણી વહી રહ્યું છે અને તેનો બગાડ થઈ રહ્યો છે. સતત પાણી વહેવાને કારણે ઝાડના મૂળ પાસેના ખાડામાં અને આસપાસ ખાબોચિયા ભરાઈ જવા પામ્યાં છે. આસપાસના રહીશો દ્વારા અનેકવાર આ બાબતે રજૂઆત કરવા છતાં તંત્ર દ્વારા કોઈ જ પગલાં લેવામાં નથી આવ્યાં. સત્વરે આ પાઈપલાઈનનું સમારાકમ કરાય અને પાણીના બગાડને અટકાવાય તેવી રહીશોમાં માંગ ઉઠવા પામી છે.

નગરમાં વરસેલા ચક્રવાતી પવન સાથેના વરસાદને આજે ઘણા દિવસ પસાર થઈ ગયા હોવા છતાં અનેક ઠેકાણે પડી ગયેલા વૃક્ષોને ખસેડવાની કામગીરી અધુરી છે. ખાસ કરીને રહેણાંક વિસ્તારોમાં વૃક્ષો ખસેડવાના મંથર ગતિએ થતા કામને કારણે નગરજનો પરેશાન થઈ રહ્યાં છે. અનેક વૃક્ષો તો હજુ પણ ભયજનક રીતે નમેલા છે જે ફરી આ પ્રકારનો વરસાદ આવે તો આપત્તિ સર્જી શકે તેમ હોઈ સત્વરે તેનું ટ્રીમીંગ કરવું આવશયક બન્યું છે.

(તસવીર : સમીર રામી)



યોગરૂપી સ્વામી રામદેવજીના આદેશાનુસાર તા.૪થી ઓગસ્ટ ૨૦૧૫ના રોજ ગાંધીનગર સચિવાલય જીમખાના ખાતે ભારત સ્વાભિમાન અને પતંજલિ યોગ સમિતિના મુખ્ય સંગઠક શ્રી અનિલભાઈ જોશીના પ્રમુખસ્થાને જડીબુટ્ટી દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે યોગાર્થીઓને વૃક્ષના રોપાનું મોટી સંખ્યામાં વિતરણ કરવામાં આવ્યું હતું અને વૃક્ષ ઉછેરની અગત્યતા સમજાવવામાં આવી હતી.

## વાવોલમાં ખુલ્લેઆમ બાજી માંડીને બેઠેલા ચાર શકુનીઓ પકડાયા : રૂ. ૧૭,૫૪૦ના મુદ્દામાલ સાથે ચારેયની ધરપકડ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર નજીક વાવોલ ગામમાં કુબેરનગર જવાના રસ્તા પર સ્થિત અંબાજી ચોકમાં ખુલ્લેઆમ કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા હોવાની બાતમીને આધારે સે-૭ પોલીસે ગઈ સાંજે દરોડો પાયો હતો. પીએસઆઈ વી.યુ. ગડરીયા તથા તેમની ટીમના ધિરેન્દ્રસિંહ, પુષ્પેન્દ્રસિંહ સહિતના માણસોએ દરોડો પાડી ચાર શકુનીઓને જુગાર રમતા રંગે હાથ ઝડપી પાડયા હતા. જેમ વાવોલમાં રહેતા દિનેશ ભલાભાઈ પ્રજાપતિ, સંદિપ, સમીર અબ્દુલભાઈ મન્સુરી અને વાવોલ અંકુર એપાર્ટમેન્ટમાં રહેતા ડિનજોન્સ વાસુદેવ વ્યાસ ચારેય શખ્સોની રૂ. ૧૨,૫૪૦ રોકડા અને ૪ મોબાઈલ મળી કુલ રૂ. ૧૭,૫૪૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી લઈ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.



ગાંધીનગર ઈન્ફોસીટી પાસે ટીસીએસ કંપની કાર્યરત છે. આ કંપનીના કર્મચારીઓ દ્વારા દર શનિવારે 'પર્પઝ ફોર લાઈફ' પ્રોજેકટ હેઠળ આસપાસના ગામોમાં સેવાકીય પ્રવૃત્તિ હાથ ધરવામાં આવે છે. આ શનિવારે નગરના પાદરે આવેલા ધોળાકુવા ગામે સ્વચ્છતા અભિયાન યોજવામાં આવ્યું હતું. તેમજ અગાઉના શનિવારે પ્રાથમિક શાળાને ટીસીએસના કર્મચારીઓ દ્વારા રંગરોગાન કરવામાં આવ્યું હતું.

(તસવીર : સમીર રામી)

## સેક્ટર-૧૩ના આંતરિક માર્ગો સાંકડા હોવાથી માર્ગો પહોળા કરવા રહીશોની માંગ

ગાંધીનગર, તા. ૯

શહેરના અમુક સેક્ટરોના માર્ગો સાંકડા તેમજ માર્ગો પર બમ્પ ન હોવાથી નગરજનો ઘણા સમયથી હેરાનગતિ વેઠી રહ્યા છે. જે અંગેની રજૂઆત તંત્ર સમક્ષ કરવામાં આવી હતી. પરંતુ હજુ સુધી કોઈ કાર્યવાહી ના થતા સ્થાનિક રહીશોમાં રોષ જોવા મળી રહ્યો છે.

સેક્ટર-૧૩-બી ખાનગી વસાહત મંડળના પ્રમુખ ડી.પી. પંચાલના જણાવ્યા અનુસાર સે. ૧૩ એ.બી. વચ્ચે વાવોલ રોડ નં. ૩ થી સેક્ટર-૧૩માં દાખલ થવાનો માર્ગ ખુબ સાંકડો હોવાથી તે માર્ગને પહોળો કરવા પાટનગર યોજના અધિકારીઓ, મહાનગરપાલિકા વગરેને વસાહત મંડળ તથા મ્યુનિસિપલ કાઉન્સિલર ગોવિંદભાઈ પરમાર દ્વારા રજૂઆત કરવામાં આવી હતી.

સે. ૧૩માં પ્રાઈવેટ પ્લોટ, પારિજાત ફલેટ, પુષ્પક ફલેટ, લીંબચ માતાજીનું મંદિર, સરકારી મકાનો, મહાત્મા મંદિર, એરફોર્સની ઓફિસો તથા જવાનો તથા સેક્ટર-૧૩-બી પાસેની ગરીબ વસાહત વગેરે આ રોડનો ઉપયોગ કરે છે. આમ અવરજવર વધારે હોવાના કારમે સદર રોડ પહોળો કરવો ખૂબ જરૂરી છે.

હેન્ડલૂમ ટેકનોલોજીનો તથા મહાત્મા મંદિરના રોડનો ખૂણો તે ત્રણ રસ્તા પાસે બે સ્કૂલો ઓમકાર તથા તક્ષશિલા છે તથા હેન્ડલૂમ ટેકનોલોજીના ખૂણાથી ગ-રોડ તરફ જતા મહાત્મા મંદિર તરફ વળવા માટે કંપાઉન્ડ વોલ મોટી હોવાથી ટ્રાફિક ત્યાં સ્પષ્ટ વાહન ચાલકો જોઈ શકતા નથી. આ અંગે પણ રજુઆતો કરવામાં આવી છે.

# વાવોલની સોસાયટીમાં એક રાતમાં ત્રણ મકાનોના તાળા તુટયા

## એક મકાનમાંથી રૂ. ૧.૪૯ લાખનો મુદ્દામાલ, બીજા મકાનમાંથી ૮ હજાર રોકડા ગયા : ત્રીજા મકાનમાંથી શું ગયું તે મકાનમાલિક બહારગામ હોવાથી બહાર આવ્યું નથી

ગાંધીનગર, તા.૯

ગાંધીનગરને અડીને આવેલા વાવોલ ગામના ક-રોડ પર સ્થિત શાંતિનગર સોસાયટીમાં એક જ રાતમાં ત્રણ-ત્રણ મકાનોના તાળા તોડીને તસ્કર ટોળકી બિન્દાસ્ત ઘરફોડ ચોરી કરી ગઈ છતાં પોલીસને ભનક પણ ન આવી...! તસ્કર ટોળકીએ પોલીસની નાઈટ પેટ્રોલીંગ ઉપર સવાલો ઉભા કરી દીધા છે. ટોળકી એક મકાનમાંથી રૂ. ૧.૪૯ લાખનો મુદ્દામાલ, બાજુના મકાનમાંથી રૂ. ૮ હજાર રોકડાની ઉઠાંતરી કરી ગઈ છે. જયારે ત્રીજા મકાનમાંથી શું ગયું તે હજુ મકાનમાલિક બહારગામ હોવાથી સ્પષ્ટ થયું નથી. સે-૭ પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો નોંધી સિનિ. પી.આઈ. એલ.બી. મોણપરાએ તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ ગઈ રાત્રે ૯ વાગ્યાથી વહેલી સવારે ૫ વાગ્યા સુધીના સમયગાળા દરમિયાન વાવોલ ગામની શાંતિનગર સોસાયટીમાં તસ્કરોએ રીતસરનો તરખાટ મચાવી દીધો હતો. ત્રણ ત્રણ બંધ મકાનોના તાળા તોડી અંદરથી કિંમતી ચીજવસ્તુઓ, રોકડ, દાગીના જે હાથમાં લાગ્યુ તેની ચોરી કરીને ટોળકી ફરાર થઈ ગઈ હતી. એફ-૩૪ માં રહેતા શંભુસિંહ ભવાનીસિંહ શેખાવતના મકાનનું તાળુ તોડીને બેડરૂમમાં પડેલી તિજોરી ખોલી તસ્કરો અંદરથી સોનાની બુટ્ટીઓ, વીંટીઓ, ચેઈન, પેન્ડલ, રાખડી ટીક્કો તથા ચાંદીની પાયલો ઉપરાંત રૂ. ૨૨ હજાર રોકડા મળીને કુલ રૂ. ૧.૪૯ લાખનો મુદ્દામાલ ચોરી કરી ગયા હતા. તેની બાજુમાં સ્થિત સચિનભાઈ રતિભાઈ પટેલના બંધ મકાનનું તાળુ તોડી અંદરથી રૂ.૮ હજાર રોકડા ઉઠાવી ગયા હતાં. ત્યાં જ એક ત્રીજુ બંધ મકાન તસ્કરોને દેખાયું અને મોકો પણ સારો જણાતા ત્રીજા મકાનનું તાળુ પણ તોડી નાંખ્યું હતું. જો કે આ મકાનના માલિક પરિવાર સાથે બહારગામ હોવાથી તેમાંથી શું-શું ચોરી થયું તે હજુ સ્પષ્ટ થઈ શકયું નથી. પી.આઈ. એલ.બી. મોણપરાએ ડૉગ સ્કવોર્ડ અને એફએસએલ બોલાવી ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

## ચિરવિદાય

- સ્વ. વાઘેલા વજુબા અદુજી, ઉ.વ.૭૫, મુ. પીંડારડા, તા.જી. ગાંધીનગર.
- સ્વ. મકવાણા મંગુબેન હિરાજી, ઉ.વ.૫૫, કિર્તીધામ સોસાયટી-૩, વાવોલ, તા. જી. ગાંધીનગર.